**ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટ્સ ઓથોરિટી, ગાંધીનગરની કચેરીને ખાતાના વડા જાહેર કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક:સપક/૧૦૨૦૨૪/૬૩૦૯/ડ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૨૫/૦૪/૨૦૨૫

**વંચાણે લીધાઃ–**

(૧) નાણાકીય સત્તા (સોંપણી) નિયમો–૧૯૯૮, તા.૦૬/૦૬/૧૯૯૮.

(૨) ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક:સપક/૧૦૨૦૨૪/૫૫૫૧/ડ તા.૦૬/૧૨/૨૦૨૪.

(૩) ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટ્સ ઓથોરિટી, ગાંધીનગરનો તા.૧૨/૧૨/૨૦૨૪નો પત્ર ક્રમાક:એસપીસીએ/૧૪૩/૨૦૧૫.

**આમુખ:**

ગૃહ વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક:NPC-102007-1141-(Part-II)-V થી ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટ્સ ઓથોરિટીની કચેરી વર્ષ–૨૦૧૩ થી ઉભી કરવામાં આવેલ. ગૃહ વિભાગના તા.૦૬/૧૨/૨૦૨૪ના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના ઠરાવથી ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટ્સ ઓથોરિટીના નાયબ સચિવને કચેરીના વડા જાહેર કરવામાં આવેલ છે. ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટ્સ ઓથોરિટી, ગાંધીનગરના તા.૧૨/૧૨/૨૦૨૪ના વંચાણે લીધેલ ક્રમાંક:(૩) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટ્સ ઓથોરિટીના નાયબ સચિવને ખાતાના વડા જાહેર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટ્સ ઓથોરિટીની ઉપરોકત દરખાસ્ત અંગે પુખ્ત વિચારણાને અંતે નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮ ના પ્રકરણ–૧ ના નિયમ–૮ મુજબ વહીવટી વિભાગને મળેલ સત્તાની રૂએ નાયબ સચિવશ્રી, ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટ્સ ઓથોરિટી, ગાંધીનગરને આથી "ખાતાના વડા" જાહેર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Amit

( અમિત રાવલ )
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, માન.મુખ્યમંત્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.

- ચેરમેનશ્રી, ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટ્સ ઓથોરિટી, બ્લોક નં.૧, છઠ્ઠો માળ, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બહુમાળી ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટ્સ ઓથોરિટી, બ્લોક નં.૧, છઠ્ઠો માળ, ગાંધીનગર.
- રોકડ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ.